For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



# ઠન ઠન કી સૂનો ઝણકાર.. કે પૈસા બોલતા હૈ

**સરકારી તંત્રમાં ભ્રષ્ટાચાર નવી વાત નથી, ભૂતકાળમાં ખોટા કામને કરવા માટે લાંચ માંગવામાં આવતી હતી પરંતુ હવે એવા હાલ છે કે સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ સાચું કામ કરવાના પણ નાણાં માંગે છે. આ કારણે જ એસીબીની ટ્રેપમાં એક પછી એક સરકારી અધિકારીઓ પકડાઈ રહ્યાં છે. હજારો રૂપિયાનો પગાર હોવા છતાં પણ સરકારી કર્મચારીઓનું પેટ ભરાતું નથી. સરકારી નોકરી જ જાણે લાંચ માંગવા માટે મળી છે તેવું આ સરકારી કર્મચારીઓ માની રહ્યાં છે. સુરતમાં એક જ દિવસમાં બે સરકારી કર્મચારી લાંચ લેતા પકડાતાં સાંપ્રત વરવી સ્થિતિ સ્પષ્ટ થઈ છે.**

## ના.મામલતદારનો પગાર રૂ. 82 હજાર છતાં 10 હજારની લાંચ લીધી

**કલેક્ટરના** પૂર્વ પીએ અને ઉધના-1ના સર્કલ ઓફિસર કૃષ્ણકુમાર ડાભીએ જમીનમાં જૂના માલિકોનાં નામોની નોંધ પ્રમાણિત કરવા લાંચ માંગી હતી

**એસીબીએ** તેની જ કચેરીમાં લાંચનો સ્વીકાર કરતાં રંગેહાથે પકડી પાડ્યા



સુરતઃ ઉધના મામલતદાર કચેરી ખાતે એસીબીએ ટ્રેપ ગોઠવી પૂર્વ કલેક્ટરના પીએ અને ઉધના-૧ના સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા નાયબ મામલતદારને રૂ.૧૦,૦૦૦ની લાંચ સ્વીકારતા ઝડપી લેવાયા છે. આરોપી 82 હજાર પગારદાર છે. તેમ છતાં વકીલના અસીલની જમીનમાં અગાઉના માલિકોના નામોની નોંધ

...અનુસંધાન પાના 7 પર

### ઉધના મામલતદાર કચેરીમાં અગાઉ પણ ફરિયાદો ઊઠી હતી

ઉધના મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચાર બાબતે અગાઉ પણ અનેક ફરિયાદો ઉઠી હતી. કચેરીમાં નોંધ પાડવા માટે અગાઉથી આડેધડ ભાવ લેવામાં આવતો હતો. લેન્ડ ગ્રેબિંગના કેસમાં તો અરજદારને ફોન કરીને બોલાવવામાં આવતા હતા અને કેસ નહી કરવા પૈસા માંગવામાં આવતા આવતા હતા.

**ઈનચાર્જ ડે.ચીફ ફાયર ઓફિસર પોતાની જ ઓફિસમાં લાંચ લેતા પકડાયા**

## 95 હજારના પગારદાર ડે.ફાયર ઓફિસરે 1 લાખની લાંચ માંગી

**ઉધના-લિંબાયત** ઝોનનો હવાલો સંભાળતા ઈનચાર્જ ડે.ચીફ ફાયર ઓફિસર ઈશ્વર પટેલે હોટલની ફાયર NOC આપવા બદલ લાંચ માંગી હતી

**ઈશ્વર** પટેલ 26 વર્ષ પહેલા 1999માં મનપામાં નોકરીમાં જોડાયા હતા, સારા અધિકારી તરીકેની છાપ હતી પણ...



સુરતઃ સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન એ/બી તથા લિંબાયત ઝોનના ડિવિઝનલ ફાયર ઓફિસર તથા ઈન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર મુગલીસરા ખાતેની ઓફિસમાં લાંચ લેતા ઝડપાયા છે. એસીબીએ ઉધનાની હોટલની ફાયર NOC આપવા બદલ રૂ.1 લાખની

...અનુસંધાન પાના 7 પર

### ઈશ્વર પટેલ પર વિજિલન્સ તપાસ હોવાથી પ્રમોશન અટકેલું હતું

આજે 1 લાખની લાંચ લેતાં ઝડપાયેલા ઇન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઇશ્વર પટેલ અગાઉ પણ અનેક વખત વિવાદમાં આવી ચૂક્યા છે. ઇશ્વર પટેલ પટેલ પર વિજિલન્સ તપાસ હોવાથી ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર માટેનું પ્રમોશન અટકેલું હતું,

...અનુસંધાન પાના 7 પર

**મનપાના પાપે સુરતમાં રખડતાં કૂતરાંનો આતંક ઘટવાનું નામ લેતો નથી**

## બ્રિજ પર કૂતરું આવી જતાં રિક્ષા પલટી, ચાલકનું મોત



**ચાલક** ઈજા થતાં દવા લઈ સૂઈ ગયો ને સવારે બેભાન થઈ મોતને ભેટ્યો

સુરતઃ શહેરમાં રખડતાં કૂતરાઓનો આતંક દિનપ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે ફરી એકવાર રખડતાં કૂતરાને કારણે નિર્દોષ વ્યક્તિને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ભેસ્તાન બ્રિજ ઉતરતી વખતે કુતરું વચ્ચે આવી જતાં રિક્ષાચાલકે સંતુલન ગુમાવી દેતાં રિક્ષા પલટી મારી ગઈ હતી. જેમાં ઈજાગ્રસ્ત થયેલા ચાલકે દવા લીધા બાદ બેભાન થઈ જતાં મોત નીપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની આશિફ અમીર શેખ (ઉ.વ.28) હાલ ભેસ્તાન ગોલ્ડન આવાસ ખાતે પરિવાર સાથે રહેતો હતો. આશિફ રિક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે રાત્રે 10 વાગ્યે બે મિત્ર સાથે આશિફ ભેસ્તાન બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બ્રિજ ઉતરતી વખતે ટર્ન લેતાં રિક્ષાની સામે કુતરું આવી ગયું હતું. જેમાં આશિફ રિક્ષાના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં પલટી મારી ગઈ હતી. અકસ્માતમાં આશિફને કપાળ તેમજ કમરના ભાગે ઈજા થઈ હતી. જેથી તે પેઈન કિલર દવા લઈને ઘરે જઈને સૂઈ ગયો હતો. આજે સવારે ઉઠ્યા બાદ આશિફ પત્નીએ બનાવેલ ચા-નાસ્તો કરી રહ્યો હતો. ત્યારે તેની તબિયત લથડતાં તે બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે નવી

...અનુસંધાન પાના 7 પર

**સુરત જાણે નકલી ચીઝ-પનીરનું મોટું હબ બની રહ્યું છે**

## બમરોલીની માતેશ્વરી ડેરી, યોગી ચોકના શ્રીજી ફૂડ્સના ચીઝ-પનીરના નમૂના ફેઈલ

**મનપાના** આરોગ્ય વિભાગ દ્વારા બંને ઠેકાણેથી ચીઝ-પનીરના નમૂના લેવામાં આવ્યા હતા

સુરત : મહાનગરપાલિકા આરોગ્ય વિભાગના ફૂડ ઈન્સ્પેક્શન વિભાગ દ્વારા બમરોલી રોડ, સુખી નગર સ્થિત માતેશ્વરી ડેરી એન્ડ સ્વીટમાંથી લેવાયેલા નોન બ્રાન્ડેડ ચીઝ ઉપરાંત યોગીચોક રોડ, વિશ્વામિત્રી સોસાયટી વિસ્તારમાં આવેલી શ્રીજી ફૂડ્સમાંથી લેવાયેલ નોન બ્રાન્ડેડ મીડિયમ ફેટ પનીરનો નમૂનો પણ ફેઈલ જાહેર થતાં તેની સામે કાર્યવાહી હાથ ધરાઈ છે.

શહેરભરમાં ખાદ્ય પદાર્થોનું

...અનુસંધાન પાના 7 પર

### લ્યો, બોલો, નકલી પનીર વેચનાર અડાજણની સુરભી ડેરીનાં સીલ એફિડેવિટ લઈને ખોલી નંખાયાં!

અડાજણની સુરભી ડેરીના ખટોદરા વિસ્તારમાં આવેલા ગોડાઉનમાંથી શંકાસ્પદ પનીરનો જથ્થો પકડાયા બાદ અડાજણ હની પાર્ક રોડની દુકાનને સીલ કરવામાં આવી હતી. ત્યાંથી 17 કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો મળી આવ્યો હતો. જે પનીરનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. અડાજણની સુરભી ડેરીની ખટોદરા સ્થિત આવેલા ગોડાઉનમાં ગત 10-11-2025ના

...અનુસંધાન પાના 7 પર

## બ્રિજ પર ડમ્પરની પાછળ બસ ઘૂસતાં 3ને ઈજા, ડ્રાઈવરનું રેસ્ક્યુ

**કોસંબાના** નાના બોરસદની ખાનગી કંપનીની બસ કર્મચારીઓને લઈને મોરાભાગળ જઈ રહી હતી

**કાપોદ્રા** બ્રિજ પર ડમ્પર બ્રેકડાઉન થઈને ઉભું હતું, બસના ચાલકે ડમ્પરમાં બસ ઘુસાડી દીધી

**ફાયર** બ્રિગેડે બસની કેબિનમાં ફસાયેલા ડ્રાઈવરને ભારે જહેમતથી બહાર કાઢ્યો, ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યા



સુરતઃ શહેરના કાપોદ્રા ઓવર બ્રિજ ઉપર મોડી રાત્રે જોરદાર અકસ્માત સર્જાયો હતો. કોસંબા ખાતે આવેલી કંપનીના કર્મચારીઓને લઈ જતી એક ખાનગી બસ બ્રિજ ઉપર બ્રેકડાઉન થઈને પડેલા ડમ્પરની પાછળ ટકરાઈ ગઈ હતી. જેને કારણે સર્જાયેલા અકસ્માતમાં બસના કેબિનના ભાગમાં ડ્રાઈવર ફસાઈ ગયો હતો. જ્યારે બસમાં બેઠેલા 8 પૈકી ત્રણ કર્મચારીઓને ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતની ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને કેબિનમાં ફસાયેલા ડ્રાઈવરને બાહર કાઢવા માટે રેસ્ક્યુની કામગીરી હાથ ધરવામાં આવી હતી તેમજ ઈજાગ્રસ્તોને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કોસંબાના નાના બોરસદ ખાતે આવેલી એક ખાનગી કંપનીના સેકન્ડ શિફ્ટના કર્મચારીઓને લઈને ખાનગી બસ સુરત શહેરના મોરાભાગળ તરફ જવા માટે નીકળી હતી. દરમિયાન કાપોદ્રા ઓવર બ્રિજ ઉપર મોડી રાત્રે એક ડમ્પર બ્રેકડાઉન થઈને પડેલો હતો. ત્યારે બ્રિજ પરથી પસાર થઈ

...અનુસંધાન પાના 7 પર



(તસવીર :પ્રવીણ તૈરૈયા)

## દહેગામથી કીમનો નવો એક્સપ્રેસ વે 31મીએ ખુલ્લો મુકાય તેવી ચર્ચા

**આરટીઆઈમાં** હાઈવેનો જવાબ પણ બાકી, કામગીરી જોતાં વિલંબ થવાની સંભાવના

**વાસદથી** સુરત જતાં વાહનચાલકોને વચ્ચેનો ભરૂચ સુધીનો 30 કિમીનો ફેરાવો હવે બચશે

ભરૂચ, અંકલેશ્વરઃ નવા એક્સપ્રેસ વેમાં હજુ એન્ટ્રી/એક્ઝિટ પોઈન્ટ તૈયાર થાય એ પહેલા 2025 વર્ષના છેલ્લા દિવસે એટલે કે તા.31મી ડિસેમ્બરથી દહેગામથી કીમ સુધીનો દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ હાઇવે ખુલ્લો મૂકવાની NHAI PIU સુરતના DGMએ જાણ કરી છે. નવા એક્સપ્રેસ વેની કનેક્ટિવિટી માટે સુરતવાસીઓને પુનગામ પાસે એન્ટ્રી/એક્ઝિટ સર્વશ્રેષ્ઠ ગણાય છે. પુનગામ એન્ટ્રી/એક્ઝિટ પોઈન્ટ હજુ હમણા મંજૂર કરતા તેની કામગીરી બાકી છે. જો કે, એક્સપ્રેસ વે પરથી જવા-આવવા માટે ભરૂચ શહેરમાંથી પસાર થવામાં લગભગ 30 કિમીના અંતરમાંથી મુક્તિ મળશે.

દિલ્હી અને મુંબઇને જોડતા નેશનલ એક્સપ્રેસ હાઇવે પર હવે તા.31મી ડિસેમ્બરથી વાસદથી સીધા કીમ સુધી જઇ શકાશે.

...અનુસંધાન પાના 7 પર

### પુનગામ એક્સપ્રેસ ચઢવા માટે કાચો રસ્તો અને ચઢાણ વાહનચાલકો માટે માથાનો દુખાવો



થોડા દિવસ અંકલેશ્વર, ઝઘડિયા અને પાનોલી સહિતની ત્રણ GIDC માટે એક્સપ્રેસ રોડ માટે વિકલ્પરૂપ પુનગામ એન્ટ્રી/એક્ઝિટ પોઈન્ટ પર રાજકીય દરમિયાનગીરીથી મંજૂરી મહોર મારી દીધી છે. ટૂંક સમયમાં દહેગામથી કીમ ખુલ્લું મૂકવામાં આવશે. ત્યારે વચ્ચે આવતા પુનગામ પોઈન્ટનાં હજુ કોઈ ઠેકાણાં નથી. ઘણી વખતે પુનગામ ખાતે ઉબડખાબડ રોડ અને અંકલેશ્વરથી એક્સપ્રેસ હાઈવે પર ચઢવા માટે ખૂબ જ કાચા રોડથી ખૂબ જ હાઈટ પર જવાથી જાણે ગાડી રિવર્સ આવે તો અકસ્માતને નોતરે એવા સંજોગો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર પુનગામ પાસે એન્ટ્રી/એક્ઝિટ પોઈન્ટ માટે જમીન સંપાદન કર્યા બાદ કામગીરી એજન્સી નક્કી કરશે. ત્યારબાદ પોઈન્ટ બનશે એમ લાગી રહ્યું છે.

### સુરતથી દહેજ તરફ જતાં ટોલનાકાના સંચાલકોની આડોડાઈને કારણે વાહનચાલકો ત્રાહિમામ

સુરતથી પુનગામથી એક્સપ્રેસ હાઈવે પર જનાર વાહનચાલકોને દહેજ તરફના ટોલનાકાના સંચાલક દ્વારા ભારે ત્રાસ આપવામાં આવી રહ્યો છે. સુરતથી દહેજ તરફ ઉતરતા ટોલનાકાના સંચાલક દ્વારા ટોલનાકા પરથી જ દહેજ તરફથી વડોદરા તરફના જવાના રસ્તા પર આડશો મુકી દેવામાં આવી છે. જેને કારણે સુરતથી જતા વાહનચાલકોએ ફરજિયાતપણે દહેજ ખાતે ઉતરીને પછી છેક આગળ જઈને ફરી ટોલનાકા પર જવું પડે છે. જેને કારણે વાહનચાલકોએ ભારે હેરાન થવું પડે છે. બીજી તરફ વડોદરાથી આવતી વખતે આવી સ્થિતિ નથી. આ બાબતે સ્થાનિક ધારાસભ્યો દ્વારા રજૂઆતો કરાશે કે કેમ? હાઈવે ઓથોરિટી દ્વારા આ ટોલનાકાના સંચાલકોને વાહનચાલકોને ત્રાસ નહીં આપવા માટે આદેશ અપાશે કે પછી સંચાલકોની મનમાની ચાલવા દેવામાં આવશે તે જોવું રહ્યું!

**છ વર્ષ પહેલા 2019માં 12 માસમાં વિક્રમી 15.85 લાખ મુસાફરો નોંધાયા હતા, પણ હવે 11 માસમાં જ નવો રેકોર્ડ થયો**

## 16,52,472: સુરત એરપોર્ટ પર મુસાફરની સંખ્યા ઓલટાઈમ હાઈ



**ઓછી** ફ્લાઈટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ છતાં સુરતીઓના ઉત્સાહે નવા વિક્રમો સર્જ્યા

**એક** જ માસમાં સૌથી વધુ મુસાફરોનો પણ નવો વિક્રમ થયો, નવેમ્બર માસમાં 1.70 લાખ મુસાફરો નોંધાયા

સુરત : દિવાળી વેકેશન સિઝનને લીધે નવેમ્બર 2025 સુરત એરપોર્ટ પર ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જર મળી કુલ 1,70,127 પેસેન્જરોની અવર જવર નોંધાઈ છે. પતરાના શેડ અને એર સ્ટ્રીપ વાળા સુરત એરપોર્ટના રનવે વિસ્તરણ અને ટર્મિનલ બિલ્ડિંગના ફેસ વનથી ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગ અને 2905 મીટરના રનવે વિસ્તરણ સુધીના વર્ષ 2007 થી 2025 સુધીના ઈતિહાસમાં સર્વાધિક 1,70,127 પેસેન્જર નવેમ્બર 2025 માં નોંધાયા છે.

એ સાથે વર્ષ 2019 માં સુરત એરપોર્ટને 15,85,987 પેસેન્જર મળ્યાં હતાં, એ વિક્રમ પણ 2025 ના જાન્યુઆરીથી નવેમ્બર સુધીના 11 મહિનામાં તૂટ્યો છે, 2025 ના 11 મહિનામાં સુરત એરપોર્ટ પર

...અનુસંધાન પાના 7 પર

### 24x7 એર ઓપરેશન છતાં પેસેન્જરની સંખ્યા વધવી જોઇએ એટલી વધી નહીં

સુરત એરપોર્ટના નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આડેધડ એરપોર્ટની વિકાસ માટેની મફતમાં સંપાદન હેઠળ મળેલી જમીનો છૂટી કરવાના નિર્ણયની એરલાઇન્સ કંપનીઓ પર નકારાત્મક અસર થઇ છે. 24 બાય 7 એર ઓપરેશન માટે સુરત એરપોર્ટ ખુલ્લું મૂકવામાં આવ્યું હોવા છતાં પેસેન્જર સંખ્યા જેટલી વધવી કોઈએ એટલી વધી નથી. કારણકે, એરલાઇન્સને સુરતના એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના

...અનુસંધાન પાના 7 પર

### 11 મહિનામાં આ રીતે 16.52 લાખથી વધુ પેસેન્જર મળ્યા....

| મહિનો | ડોમેસ્ટિક | ઇન્ટરનેશનલ | કુલ પેસેન્જર |
|---|---|---|---|
| જાન્યુઆરી | 1,45,917 | 18,034 | 1,63,951 |
| ફેબ્રુઆરી | 1,30,433 | 15,487 | 1,45,920 |
| માર્ચ | 1,37,144 | 14,989 | 1,52,133 |
| એપ્રિલ | 1,31,790 | 16,316 | 1,48,106 |
| મે | 1,45,135 | 18,790 | 1,63,925 |
| જૂન | 1,27,652 | 15,560 | 1,43,212 |
| જુલાઈ | 1,16,149 | 16,213 | 1,32,362 |
| ઓગસ્ટ | 1,29,268 | 15,442 | 1,44,710 |
| સપ્ટેમ્બર | 1,19,185 | 15,676 | 1,34,861 |
| ઓક્ટોબર | 1,33,955 | 19,030 | 1,52,985 |
| નવેમ્બર | 1,50,725 | 19402 | 1,70,127 |
| કુલ | 14,67,353 | 1,84,939 | 16,52,292 |

## કાળમુખી ડમ્પરે બાઈક ચાલકને 20 ફૂટ ઘસડ્યો, ઘટના સ્થળે જ મોત

**ગજેરા** સર્કલ પાસે થયેલા અકસ્માતમાં ડમ્પર ચાલક વાહન મૂકીને ફરાર, પરિવારનો આધાર છીનવાયો

સુરતઃ સુરત શહેરમાં ભારે વાહનોની બેફામ દોડ ફરી એકવાર એક નિર્દોષનો જીવ લઇ ગઇ છે. કતારગામ વિસ્તારમાં ગજેરા સર્કલ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરે બાઈકસવારને અડફેટે લેતાં ભયાનક અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક ડમ્પરના નીચે ફસાઈ ગઈ અને બાઈકસવારને રોડ પર અંદાજે 20 ફૂટ સુધી ઢસડવામાં આવ્યા હતા. પરિણામે બાઈકચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, અંકલેશ્વરના કોસમાડી ગામ સ્થિત યોગીનગર સોસાયટીમાં રહેતા અને સેલ્સમેન તરીકે કામ કરતાં રવિશંકર ફૂલેનાઠાકુર

...અનુસંધાન પાના 7 પર

### શહેરમાં ભારે વાહનોની ઝડપ અને બેદરકારી પર ક્યારે અંકુશ આવશે?

પોલીસ દ્વારા ફરાર ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ અને અન્ય ટેકનિકલ આધારથી આરોપીને ઝડપી પાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે. આ અકસ્માતે ફરી એકવાર પ્રશ્ન ઊભો કર્યો છે કે શહેરમાં ભારે વાહનોની ઝડપ અને બેદરકારી પર ક્યારે અંકુશ આવશે? એક પરિવારનો કમાઉ સભ્ય ગુમાવ્યો, જ્યારે રસ્તાઓ પર દોડતા બેફામ વાહનો સામે તંત્રની કાર્યવાહી હજુ પણ પ્રશ્નાર્થ બની છે.




૧૬મી પૂણ્યતિથિ શ્રદ્ધાંજલી

સુખનો જ્યાં કાયમ સરવાળો, માનો ખોળો છે હૂંફાળો... ખોળે એક જ મોસમ 'મમતા'- ના શિયાળો ના ઉનાળો, એની આંખે સૌથી સુંદર, ના હું ગોરો ના હું કાળો, મા તો કાયમ વૃક્ષ લીલુંછમ, મઘમઘ એની સઘળી ડાળો, માની છાતી માનો પાલવ, સ્વર્ગથી સુંદર મારો માળો, મા એ આપ્યું મબલખ પ્રેમ, એનો ક્યાં મળવાનો તાળો, માનો ખોળો છે હૂંફાળો... માનો ખોળો છે હૂંફાળો...

સ્વ. અંબાબેન રણછોડજી પટેલ

લી. છબીલદાસ રણછોડજી ઘેકટીવાલા
ડો. હિતેન્દ્ર રણછોડજી ઘેકટીવાલા
તથા સમસ્ત પરિવાર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

સત્ કૈવલ સાહેબ

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ડાહીબેન નાનુભાઈ ઉમરીગર
સ્વ. તા. ૨૧/૧૨/૨૦૨૫

સૌ પ્રત્યે સદ્‌ભાવ, ઉદારતા, કાર્યક્ષમતા રાખનાર આપના અન્ય ગુણોની સ્મૃતિ ચિરસ્મરણીય બની રહેશે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લિ.
ભીખાભાઈ જીવાભાઈ ઉમરીગર
કિરણભાઈ ભીખાભાઈ ઉમરીગર | પ્રતિમા કિરણભાઈ ઉમરીગર
મેહુલકુમાર દિપકભાઈ પટેલ | દિવ્યા મેહુલકુમાર ઉમરીગર
ખુશ્બુ કિરણભાઈ ઉમરીગર, પ્રીત કિરણભાઈ ઉમરીગર
તથા સમસ્ત જીવાભાઈ પરિવાર

દ્વિતિય પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.ધનેશભાઈ રામજીભાઈ રાંદેરીયા
સ્વ.તા.૨૫/૧૨/૨૦૨૩

આપે હરહંમેશા પોતાની હુંફ થકી લાગણી રેલાવી, પરિવારને સ્નેહની સુગંધથી સુગંધિત કરી ગયા, દુર વસી ગયા છતાં આપની કૃપા હરહંમેશ વરસતી જ રહેશે. આપ સહકાર, સમર્પણ, સંવેદનાથી સભર, પરિવારના સંગાથનું સફળ પ્રતિક બની ગયા, આપની સ્મૃતિ અમારા સૌના હૃદયમાં રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

..લિ.. અશોકભાઈ ધનેશભાઈ રાંદેરીયા
(નગરસેવક, વોર્ડ નં.૨૧, સુરત મહાનગરપાલિકા)
તથા સમગ્ર રાંદેરીયા પરિવાર